**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૧/૦૬/૨૦૧૩ ને મંગળવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકે મળેલ ૨૧૯ મી બેઠકની કાર્યવાહી નોંધ**

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | | |
|---|---|---|---|
| **૧** | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા | : | અધ્યક્ષશ્રી |
| **૨.** | અધ્યક્ષશ્રી,<br>સ્થાયી સમિતિ,વડોદરા મહાનગર સેવાસદન, | : | સભ્યશ્રી |
| **૩.** | કમિશ્નરશ્રી<br>વડોદરા મહનગર સેવાસદન,વડોદરા | : | સભ્યશ્રી |
| **૪.** | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મહાનગરસેવાસદન,<br>વડોદરા | : | સભ્યશ્રી |
| **૫.** | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા | : | સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**<u>મુધ્દા નંબર (૧)</u> : સત્તામંડળની તા.૦૯/૦૪/૨૦૧૩ ની ૨૧૮ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા.૦૯/૦૪/૨૦૧૩ ની ૨૧૮ બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં. નં.યુડીએ/મિટિંગ/૬૧૨/૨૦૧૩ તા.૦૫/૦૪/૨૦૧૩ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા આ બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૧૪૬)</u>:** સત્તામંડળની તા.૦૯/૦૪/૨૦૧૩ ની ૨૧૮ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૨) : સત્તામંડળની તા. ૩૦/૦૧/૨૦૧૩ ની ૨૧૭ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા ૩૦/૦૧/૨૦૧૩ ની ૨૧૭** મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૪૭):** સત્તામંડળની **તા. ૩૦/૦૧/૨૦૧૩ની ૨૧૭** મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળ ના માહે જાન્યુઆરી -૨૦૧૩ થી માર્ચ-૨૦૧૩ સુધીના માસિક હિસાબોને બહાલી આપવા બાબત**

સત્તામંડળના માહે જાન્યુઆરી-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૩ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૪૮) :** સત્તામંડળના માહે જાન્યુઆરી-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૩ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબો સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૪) સત્તામંડળના સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષના વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત**

સત્તામંડળનો સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબો તૈયાર કરી સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૪૯) : સત્તામંડળના સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબોને** સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર : (૫) સત્તામંડળમાં વર્ગ-૩ ની જગ્યાઓ ની ફીક્સ પગારથી ભરતી કરવા બાબત.**

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક યુડીએ-૧૦૨૦૦૯-૨૮૭૭-વ તા.૨૬/૦૨/૨૦૦૩ થી નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ થી લાગુ પાડવામાં આવેલ યોજના અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓ તેમજ નિયત લાયકાત અને ભરતી પ્રક્રિયા અનુસાર સત્તામંડળોમા ફીક્સ પગારથી ભરતી કરવાની કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવાની સુચના આપવામાં આવેલ છે. હાલમાં સત્તામંડળ ની કામગીરી દિનપ્રતિદિન વધતી જાય છે. સત્તામંડળના કેટલાક કર્મચારીઓ હાલમાં નિવૃત્ત થયેલ છે તેમજ બાકીના કર્મચારીઓ સને ૨૦૧૬ સુધીમાં નિવૃત્ત થનાર છે જેને કારણે નગર રચના યોજનાના અમલીકરણની,બિનઅધિકૃત બાંધકામને લગતી, વુડા વિસ્તારના ગામોને લગતી વિકાસ યોજનાની ઝોનની વિકાસ પરવાનગીની, આર્થિક રીતે પછાત વર્ગના આવાસ યોજના ને લગતી કામગીરી તેમજ સત્તામંડળ ની અન્ય તમામ કામગીરીને ગંભીર અસર પડે તેમ છે. જે ધ્યાને લેતા ખાલી પડેલ જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જગાઓ નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ થી લાગુ પાડવામાં આવેલ યોજના અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓ તેમજ નિયત લાયકાત અને ભરતી પ્રક્રિયા અનુસાર ફીક્સ પગારથી ભરતી કરવા નિર્ણય લેવા ચર્ચાવિચારણા થતાં નીચે દર્શાવેલ જગાઓ ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર જગાઓ પણ નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ ની જોગવાઇઓ મુજબ ફીક્સ પગારથી ભરતી કરવા નિર્ણય લેવા નકકી કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

| અ.નં | જગાનુ નામ | મંજુર થયેલ જગા | ખાલી જગા | ભરવાની થતી જગા | પગાર ધોરણ | નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ તથા તેમાં વખતો વખત થયેલ સુધારાઓ મુજબ થયેલ ફીકસ પગાર |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્લાનીગ આસીસટન્ટ | ૭ | ૩ | ૩ | ૬૫૦૦-૧૦૫૦૦<br>૫૫૦૦-૯૦૦૦ | ૧૦,૦૦૦/- |
| ૨. | સુપરવાઇઝર | ૨ | ૨ | ૨ | ૪૫૦૦-૭૦૦૦ | ૯,૪૦૦/- |
| ૩. | આસી ડ્રાફ્ટસમેન | ૨ | ૨ | ૨ | ૫૦૦૦-૮૦૦૦ | ૯,૪૦૦/- |
| ૪. | જુની ડ્રાફ્ટસમેન | ૨ | ૨ | ૨ | ૪૦૦૦-૬૦૦૦ | ૫,૩૦૦/- |
| ૫. | જુ.કલાર્ક | ૨ | ૨ | ૨ | ૩૦૫૦-૪૫૦૦ | ૫,૩૦૦/- |
| ૬ | ડ્રાયવર | ૪ | ૧ | ૧ | ૩૦૫૦-૪૫૦૦ | ૫,૩૦૦/- |

**ઠરાવ ક્રમાંક (૨૧૫૦) :** સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક યુડીએ-૧૦૨૦૦૯-૨૮૭૭-વ તા.૨૬/૦૨/૨૦૧૩ થી જણાવ્યા અનુસાર નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ થી લાગુ પાડવામાં આવેલ યોજના અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓ તેમજ નિયત લાયકાત અને ભરતી પ્રક્રિયા અનુસાર ઉપરોકત દર્શાવેલ જગાઓ ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર જગાઓ સત્તામંડળોમા ફીક્સ પગારથી ભરતી કરવાની કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૬ ) :- શ્રી એમ.જે.મકવાણા જુ.નગર નિયોજક ને પુનઃનિયુકિત આપવા બાબત.**

સત્તામંડળમાં જુ.નગર નિયોજક તરીકે ફરજ બજાવતા શ્રી એમ.જે.મકવાણા તા. ૩૧-૦૭-૨૦૧૩ ના રોજ વય નિવૃત્તિ ને કારણે નિવૃત્ત થતા હોઇ સરકારશ્રીના નિયમો અનુસાર તા. ૩૧-૦૭-૨૦૧૩ પછી પુનઃનિયુકિત આપવા માંગણી કરેલ છે.

શ્રી એમ.જે.મકવાણા નગર આયોજન અને મુલ્યાંકન વિભાગમાંથી તા. ૨૯-૦૫-૨૦૦૭ થી ફરજ બજાવે છે અને તા. ૩૧-૦૭-૨૦૧૩ ના રોજ વય નિવૃત્તિ ને કારણે નિવૃત્ત થનાર છે. વુડા કચેરીમાં કુલ-૩ જગા સહાયક નગર નિયોજકની મંજુર થયેલ છે. તે પૈકી ૧ જગા ઉપર શ્રી એમ.જે.મકવાણા ફરજ બજાવે છે તથા બીજી જગા ઉપર સત્તામંડળના અધિકારી ફરજ બજાવે છે અને એક જગા ખાલી છે. હાલમાં શ્રી એમ.જે.મકવાણા નગર રચના યોજના ને લગતી તમામ કામગીરી સંભાળે છે.અને તેઓશ્રી સદર કામગીરી ના એક માત્ર જાણકાર અને અનુભવી અધિકારી છે.જે ધ્યાને લેતા નિવૃત્તિ બાદ પણ તેઓની સેવાઓ ચાલુ રાખવી આવશ્યક જણાય છે.

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૩/૨૦૧૩ ના ઠરાવની જોગવાઇઓ અનુસાર નિવૃતિ પછી કરાર આધારીત નિમણુક આપવાની હોય ત્યારે તે અંગે સચિવાલયના સબંધીત વહીવટી વિભાગે, સામાન્ય વહીવટ વિભાગ,મુખ્ય સચિવશ્રી અને સબંધિત મંત્રીશ્રી મારફતે માન્ય મુખ્ય મંત્રીશ્રીની કક્ષાએ પૂર્વ મંજૂરી મેળવવાની થાય છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ શ્રી એમ.જે.મકવાણાને નિવૃતિ બાદ કરાર આધારીત નિમણૂક આપવા અંગે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૩/૨૦૧૩ ના ઠરાવની જોગવાઇઓ મુજબ સરકારશ્રી ની મંજુરી મેળવવા જરૂરી દરખાસ્ત કરવા ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૧) :** શ્રી એમ.જે.મકવાણા જુ.નગર નિયોજકને નિવૃતિ બાદ કરાર આધારીત નિમણૂક આપવા અંગે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૩/૨૦૧૩ ના ઠરાવની જોગવાઇઓ મુજબ સરકારશ્રી ની મંજુરી મેળવવા જરૂરી દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૭) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં એફ.એસ.આઈમાં સુધારો કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાને સંલગ્ન જીડીસીઆરમાં રહેણાંક ઝોન(આર-૧) માં ૧.૬, આર-૨ માં ૧.૨ તથા આર-૩ માં ૦.૭૫ FSI ઉપરાંતની વધારાની FSI માટે ૧૮ કે તેથી વધુ મોટા રસ્તા પર પ્રિમયિમ FSI ની જોગવાઈ થયેલ છે. અમદાવાદ, સુરતની સરખામણીમાં વડોદરામાં FSI / પ્રિમિયમ એફએસઆઈનું ધોરણ નીચુ છે. આથી સ્થાનિક બિલ્ડર્સ / ડેવલપર્સ દ્વારા આ અંગે વારંવાર રજુઆતો કરવામાં આવે છે. આથી પ્રિમિયમ એફએસઆઈ નું ધોરણ વધારવામાં આવે તો વડોદરા મહાનગર સેવાસદન તથા વુડા બન્નેની આવકમાં પણ વધારો થાય તેમ છે, તથા અન્ય શહેરોની સરખામણીમાં સ્થાનિક લોકોની માંગણી સંતોષાય તેમ છે. આથી રસ્તાની પહોળાઈની સંદર્ભે પ્રિમિયમ એફએસઆઈમાં સુધારો કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતુ કે વડોદરા સિવાયના અન્ય શહેરોમાં એફ.એસ.આઈ. નું ધોરણ ઉચુ છે. શહેરોમાં નોરમલ એફ.એસ.આઈ. ૧.૮ છે. જયારે વડોદરામા નોર્મલ એફ.એસ.આઈ. ૧.૬ છે. આથી વડોદરામાં પણ વધુ એફ.એસ.આઈ. નો લાભ મળે તે જરૂરી છે. આથી નોરમલ એફ.એસ.આઈ. ૧.૬ રાખી ૧૨. મી થી ઉપરના રસ્તા પર ૧.૮ એફ.એસ.આઈ. સુધી , ૧૮.૦ મીટરથી ઉપરના રોડ પર ૨.૦ એફ.એસ.આઈ. સુધી, ૨૪.૦ મીટરથી ઉપરના રોડ પર ૨.૫ એફ.એસ.આઈ. સુધી તથા ૩૬.૦ મીટરથી ઉપરના રોડ પર ૩.૦ એફ.એસ.આઈ. સુધી પ્રિમિયમ એફ.એસ.આઈ. ની જોગવાઈ કરવા સરકારશ્રીમાં જીડીસીઆરમાં સુધારો કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા સર્વસભ્યશ્રીઓએ સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૨)** મંજુર જી.ડી.સી.આર-૨૦૦૬ માં દર્શાવેલ નોરમલ એફ.એસ.આઈ. ૧.૬ ઉપરાંત પ્રિમિયમ એફ.એસ.આઈ.માં ૧૨. મી થી ઉપરના રસ્તા પર ૧.૮ એફ.એસ.આઈ. સુધી, ૧૮ મીટરથી ઉપરના રસ્તા પર ૨.૦ એફ.એસ.આઈ. સુધી, ૨૪.૦ મીટરથી ઉપરના રસ્તા પર ૨.૫ એફ.એસ.આઈ. સુધી તથા ૩૬.૦ મીટર થી ઉપરના રસ્તા પર ૩.૦ એફ.એસ.આઈ. સુધી વધારી જીડીસીઆર-૨૦૦૬ માં કાયદાની કલમ-૧૯ હેઠળ સુધારો કરવા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| રસ્તાની પહોળાઈ | ૧૨ મીટર તથા ૧૮ મીટર થી નીચે | ૧૮ મીટર તથા ૨૪ મીટરથી નીચે | ૨૪ મીટર તથા ૩૬ મીટર થી નીચે | ૩૬ મીટર કરતા વધારે |
|---|---|---|---|---|
| હાલ મળવાપાત્ર પ્રિમિયમ FSI | ૦.૦ | ૧.૮ | ૨.૦ | ૨.૫ |
| સુચિત પ્રિમિયમ FSI | ૧.૮ | ૨.૦ | ૨.૫ | ૩.૦ |

**મુધ્દા નંબર (૮) : મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨(સમા-દુમાડ-વેમાલી) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતા મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઈ સરકારશ્રી મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ૨૧૫ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૧૦૩ થી મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨(સમા-દુમાડ-વેમાલી)બનાવવા અંગે ઈરાદો જાહેર કરવા ઠરાવેલ તથા તે અંગેનુ અધિસુચન તા.૧૬/૭/૨૦૧૨ ના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ અને તા.૧૭-૦૭-૨૦૧૨ ના પત્રથી સરકારશ્રીમાં પાઠવવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦(ઠ) અને (ઠઠ) ની જોગવાઈ તથા વુડા બોર્ડ બેઠક ૨૦૪ ના ઠરાવ ક્રમાંક : ૧૯૮૦ થી થયેલ સુચનો ધ્યાને લઈ મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨(સમા-દુમાડ-વેમાલી) ના સાહિત્યનો મુસધ્દો તૈયાર કરી તેની સમજુતી આપવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૭ અન્વયે યોજના વિસ્તારના જમીન ધરાવતા જમીન માલિકો તથા હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની સભા તા.૧૪-૦૩-૨૦૧૩ ના રોજ વુડા ભવન કારેલીબાગ, વડોદરા ખાતે રાખવામાં આવેલ અને મીટીંગમાં હાજર તમામને યોજના વિશે સમજુતી આપવામાં આવેલ હતી તથા મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨(સમા-દુમાડ-વેમાલી) ને અધિનિયમની કલમ-૪૨ (૧) તથા નિયમ-૧૮ હેઠળ જાહેર જનતાના વાંધાસુચનો આવકારવા અંગેનુ અધિસુચન તા.૧૫-૦૩-૨૦૧૩ ના સરકારી રાજયપત્ર (એકસ્ટ્રા ઓર્ડીનરી) ભાગ-૨ ના પાન નં.૫૬ ઉપર પ્રસિધ્ધ કરી જમીન માલિક/હિતસંબધ ધરાવતી વ્યકિતઓના વાંધા સુચન આવકારવા બહોળી પ્રસિધ્ધી અર્થે તા. ૨૨/૩/૨૦૧૩ ના સંદેશ તથા તા.૨૩/૦૩/૨૦૧૩ ના દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાન પત્રમાં તથા સંલગ્ન ગ્રામપંચાયત કચેરી તથા સરકારી કચેરીઓમાં જાહેરાત કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ મુસધ્દારૂપ નગર રચના યોજનાનો મુસધ્દો અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાની જોગવાઈ મુજબ તા.૧૪-૦૬-૨૦૧૩ સુધીમાં ઉકત મુસધ્દારૂપ નગર રચના યોજના મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાની થાય છે.

સરકારી રાજયપત્રમાં ઉકત નગર રચના યોજનાની પ્રસિધ્ધી કર્યા તારીખથી એક માસની સમયમર્યાદામાં કુલ-૧૧૪ તથા સમયમર્યાદા બાદ કુલ-૧૬ વાંધા સુચનો સત્તામંડળને મળેલ છે. જેની વિગતવાર ચકાસણી કરી મળેલ વાંધાસુચનોના પ્રકાર નક્કી કરી તારીજ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અનવયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર હુ મુસધ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે વુડા બોર્ડ સમક્ષ મુદો રજુ થતા સમયમર્યાદામાં મળેલ કુલ-૧૧૪ વાંધા અરજીઓ તથા સમયમર્યાદામાં થયેલ કુલ-૨૦ વાંધા અરજીઓ વુડાબોર્ડ સમક્ષ રજુ કરવામાં આવી. જે પરત્વે થયે ચર્ચા-વિચારણા તથા નિર્ણયની વિગતો નીચે મુજબ છે.

**(૧)** સમયમર્યાદામાં મળેલ કુલ-૧૧૪ અરજીઓ પૈકી ૫૯ અરજીઓમાં મુખ્યત્વે જનરલ રજુઆતો, ક્ષેત્રફળમાં તફાવત માટે, કરવામાં આવતી ૪૦ % કપાત બાબતે, ફાઈનલ પ્લોટના ફ્રન્ટેજ બાબતે તથા માલિકોના નામો ઉમેરવા બાબતે વાંધા મળેલ હતા. જે પરત્વે વિગતવાર ચર્ચા કરતા અરજી નં.૨૦, ૪૦,૪૧,૧૦૫ નો વાંધો ગ્રાહય રાખી સુધારો કરવા તથા તે સિવાયની અરજીઓ જાહેરહિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

**(૨)** સમયમર્યાદામાં મળેલ કુલ-૧૧૪ અરજીઓ પૈકી મુળખંડમાં અંતિમખંડ ફાળવવા અંગે કુલ-૪ અરજી મળેલ હતી. જેમાં શકય હોઈ ત્યાં મુળખંડમાં જ અંતિમખંડ ફાળવેલ છે. આમ, છતાં એક અરજી નં.૨૩

ની રજુઆત અંશતઃ ગ્રાહય રાખી સુધારો કરવા તથા તે સિવાયની અરજીઓ જાહેર હિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

**(૩)** સમયમર્યાદામાં મળેલ કુલ-૧૧૪ અરજીઓ પૈકી ૧૫ અરજીઓમાં બિનખેતી થયેલ હોવા છતાં કપાત વધુ થવા અંગે રજુઆત હોઈ અરજી નં.૧૫, ૧૭, ૧૮ ૬૩, ૬૫, ૬૯, ૭૦, ૭૩, ૭૭ ના જમીન માલિકો દ્વારા રજુ કરેલ બિનખેતી હુકમ ઈરાદો જાહેર થયા પહેલાનો હોઈ તેના કપાતનાં ધોરણમાં સુધારો કરવા તથા તે સિવાયની અરજીઓમાં બિનખેતી હુકમ ઈરાદો જાહેર થયા બાદનો હોઈ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

**(૪)** સમયમર્યાદામાં મળેલ કુલ-૧૧૪ અરજીઓ પૈકી ૧૭ અરજીઓમાં અંતિમખંડના આકાર અંગે રજુઆત હોઈ અરજી નં.૨૪ ની રજુઆત અંશતઃ ગ્રાહય રાખવા તથા તે સિવાયની અરજીઓ આયોજનની દ્રષ્ટીએ જાહેર હિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

**(૫)** સમયમર્યાદામાં મળેલ કુલ-૧૧૪ અરજીઓ પૈકી ૧૯ અરજીઓમાં અલગ હિસ્સા પડેલ હોઈ તે મુજબ ફાઈનલ પ્લોટ ફાળવવા અંગે થયેલ રજુઆત પરત્વે અરજી નં.૧૦, ૨૫, ૩૦, ૪૬, ૫૩, ૫૪, ૫૯, ૯૦, ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩ મળી કુલ-૧૩ અરજીઓમાં સુધારો કરવા તથા તે સિવાયની અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

**(૬)** સમયમર્યાદા બાદ મળેલ કુલ-૨૦ અરજીઓની રજુઆત જાહેર હિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

આમ ઉપરોકત વિગતે મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨ (સમા-દુમાડ-વેમાલી) સામે મળેલ રજુઆતો પૈકી કુલ-૨૮ અરજીઓ રજુ કરેલ રેકર્ડ પરત્વે યોગ્ય હોઈ તે મુજબ સુધારા કરવા તથા બાકીની રજુઆતો ગ્રાહય રાખવાપાત્ર ન હોઈ તા.૧૪/૩/૨૦૧૩ ના રોજ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં કુલ-૨૮ સુધારા આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અંગે સાદર કરવા સર્વાનુંમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૩)** :- મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨(સમા-દુમાડ-વેમાલી) ની પ્રસિધ્ધી કર્યા તારીખથી સમયમર્યાદામાં તથા સમયમર્યાદાબાદ મળેલ તમામ અરજીઓની રજુઆતો પૈકી કુલ-૨૮ (અઠયાવીસ) અરજીઓની રજુઆત પરત્વે સુધારા કરવા તથા બાકીની અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા તથા તા.૧૪/૦૩/૨૦૧૩ ના રોજ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં કુલ-૨૮ ફેરફાર આમેજ કરી ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર (૯) : મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૫(સમીયાલા-બીલ-ભાયલી) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતા મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઈ સરકારશ્રી મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ૨૧૫ મી બોર્ડ બેઠકમાં ઠરાવક્રમાંક ૨૧૦૪ થી મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૫(સમીયાલા-બીલ-ભાયલી)બનાવવા અંગે ઈરાદો જાહેર કરવા ઠરાવેલ તથા તે અંગેનુ અધિસુચન તા.૧૭/૭/૨૦૧૨ ના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ અને તા.૧૭-૦૭-૨૦૧૨ ના પત્રથી સરકારશ્રીમાં પાઠવવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦(ઠ) અને (ઠઠ) ની જોગવાઈ તથા વુડા બોર્ડ બેઠક ૨૦૪ ના ઠરાવ ક્રમાંક : ૧૯૮૦ થી થયેલ સુચનો ધ્યાને લઈ મુસધ્દારૂપ નગર રચના યોજના ૫(સમીયાલા-બીલ-ભાયલી)ના સાહિત્યનો મુસધ્દો તૈયાર કરી તેની સમજુતી આપવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૭ અન્વયે યોજના વિસ્તારના જમીન ધરાવતા જમીન માલિકો તથા હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની સભા તા.૧૪-૦૩-૨૦૧૩ ના રોજ વુડા ભવન કારેલીબાગ, વડોદરા ખાતે રાખવામાં આવેલ અને મીટીંગમાં હાજર તમામને યોજના વિશે સમજુતી આપવામાં આવેલ હતી તથા મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૫(સમીયાલા-બીલ-ભાયલી) ને અધિનિયમની કલમ-૪૨(૧) તથા નિયમ-૧૮ હેઠળ જાહેર જનતાના વાંધાસુચનો આવકારવા અંગેનુ અધિસુચન તા.૧૫-૦૩-૨૦૧૩ ના સરકારી રાજયપત્ર (એકસ્ટ્રા ઓર્ડીનરી) ભાગ-૨ ના પાન નં.૫૭ ઉપર પ્રસિધ્ધ કરી જમીન માલિક/હિતસંબધ ધરાવતી વ્યકિતઓના વાંધા સુચન આવકારવા બહોળી પ્રસિધ્ધી અર્થે તા. ૨૨/૩/૨૦૧૩ ના સંદેશ તથા દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાન પત્રોમાં તથા સંલગ્ન ગ્રામપંચાયત કચેરી તથા સરકારી કચેરીઓમાં જાહેરાત કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ મુસધ્દારૂપ નગર રચના યોજનાનો મુસધ્દો અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાની જોગવાઈ મુજબ તા.૧૪-૦૬-૨૦૧૩ સુધીમાં ઉકત મુસધ્દારૂપ નગર રચના યોજના મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાની થાય છે.

સરકારી રાજયપત્રમાં ઉકત નગર રચના યોજનાની પ્રસિધ્ધી કર્યા તારીખથી એક માસની સમયમર્યાદામાં કુલ-૧૩૮ તથા સમયમર્યાદા બાદ કુલ-૯ વાંધા સુચનો સત્તામંડળને મળેલ છે. જેની વિગતવાર ચકાસણી કરી મળેલ વાંધાસુચનોના પ્રકાર નક્કી કરી તારીજ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અનવયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર હુ મુસધ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે વુડા બોર્ડ સમક્ષ મુદો રજુ થતા સમયમર્યાદામાં મળેલ કુલ-૧૧૪ વાંધા અરજીઓ તથા સમયમર્યાદામાં થયેલ કુલ-૯ વાંધા અરજીઓ વુડાબોર્ડ સમક્ષ રજુ કરવામાં આવી. જે પરત્વે થયે ચર્ચા-વિચારણા તથા નિર્ણયની વિગતો નીચે મુજબ છે.

(૧) સમયમર્યાદામાં મળેલ કુલ-૧૩૮ અરજીઓ પૈકી ૧૧૨ અરજીઓમાં મુખ્યત્વે જનરલ રજુઆતો, ક્ષેત્રફળમાં તફાવત માટે, કરવામાં આવતી ૪૦ % કપાત બાબતે, રસ્તો રદ કરવા બાબતે રાખેલ અનામત અંગે તથા માલિકોના નામો ઉમેરવા બાબતે વાંધા મળેલ હતા. જે પરત્વે વિગતવાર ચર્ચા કરતા અરજી નં. ૬૬,૬૭,૭૭,૮૨,૧૦૧,૧૦૨,૧૨૧,૧૨૬ નો વાંધો ગ્રાહય રાખી સુધારો કરવા તથા તે સિવાયની અરજીઓ જાહેરહિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

(૨) સમયમર્યાદામાં મળેલ કુલ-૧૩૮ અરજીઓ પૈકી ૧૧ અરજીઓમાં બિનખેતી થયેલ હોવા છતાં કપાત વધુ થવા અંગે રજુઆત હોઈ અરજી નં.૩, ૮૫, ૯૮, ૧૦૯, ૧૧૧ ના જમીન માલિકો દ્વારા રજુ કરેલ બિનખેતી હુકમ ઈરાદો જાહેર થયા પહેલાનો હોઈ તેના કપાતનાં ધોરણમાં સુધારો કરવા તથા તે

સિવાયની અરજીઓમાં બિનખેતી હુકમ ઈરાદો જાહેર થયા બાદનો હોઈ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

(૩) સમયમર્યાદામાં મળેલ કુલ-૧૩૮ અરજીઓ પૈકી ૯ અરજીઓમાં અંતિમખંડના આકાર અંગે રજુઆત હોઈ અરજી નં.૬૫, ૮૭, ૧૦૩ ની રજુઆત અંશતઃ ગ્રાહય રાખવા તથા તે સિવાયની અરજીઓ આયોજનની દ્રષ્ટીએ જાહેર હિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

(૪) સમયમર્યાદામાં મળેલ કુલ-૧૩૮ અરજીઓ પૈકી ૬ અરજીઓમાં અલગ હિસ્સા પડેલ હોઈ તે મુજબ ફાઈનલ પ્લોટ ફાળવવા અંગે થયેલ રજુઆત પરત્વે અરજી નં.૯૬,૯૯, ૧૧૨ મળી કુલ-૩ અરજીઓમાં સુધારો કરવા તથા તે સિવાયની અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

(૫) સમયમર્યાદા બાદ મળેલ કુલ-૯ અરજીઓની રજુઆત જાહેર હિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

આમ ઉપરોકત વિગતે મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૫ (સમીયાલા-બીલ-ભાયલી) સામે મળેલ રજુઆતો પૈકી કુલ-૧૯ અરજીઓ રજુ કરેલ રેકર્ડ પરત્વે યોગ્ય હોઈ તે મુજબ સુધારા કરવા તથા બાકીની રજુઆતો ગ્રાહય રાખવાપાત્ર ન હોઈ તા.૧૪/૩/૨૦૧૩ ના રોજ ઓનર્સ મીટીગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં કુલ-૧૯ સુધારા આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અંગે સાદર કરવા સર્વાનુંમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૪)** :- મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૫(સમીયાલા-બીલ-ભાયલી) ની પ્રસિધ્ધી કર્યા તારીખથી સમયમર્યાદામાં તથા સમયમર્યાદાબાદ મળેલ તમામ અરજીઓની રજુઆતો પૈકી કુલ-૧૯ (ઓગણીસ) અરજીઓની રજુઆત પરત્વે સુધારા કરવા તથા બાકીની અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા તથા તા.૧૪/૦૩/૨૦૧૩ ના રોજ ઓનર્સ મીટીગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં કુલ-૧૯ ફેરફાર આમેજ કરી ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર(૧૦) : પ્રવર્તમાન જીડીસીઆરમાં એરપોલ્યુશન વિસ્તારમાં બિલ્ટઅપ એરીયા તથા રસ્તાની પહોળાઈ અંગે થયેલ જોગવાઈનો અમલ કરવા બાબત.**

વુડા વસ્તિારમાં લગભગ ૩૦ વર્ષ અગાઉ થયેલ એરપોલ્યુશન સર્વે આધારે વુડાની મંજુર પ્રથમ વિકાસ યોજના સમયથી વિકાસ યોજનાના નકશામાં એરપોલ્યુશન વિસ્તાર દર્શાવેલ છે. જે પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજનામાં તથા પ્રવર્તમાન દ્વિતિય પુનરાવર્તિ વિકાસ યોજનામાં પણ દર્શાવવામાં આવેલ છે. અગાઉની વિકાસ યોજનાઓમાં એરપોલ્યુશન વિસ્તાર પૈકીના ફકત આઠ ગામોમાં જ રહેણાંક વિકાસ માટે ૩૦ % ગ્રાઉન્ડ કવરેજ તથા ૯.૦ મીટર પહોળાઈના રસ્તા રાખવાની જોગવાઈ હતી પરંતુ પ્રવર્તમાન દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાને સંલગ્ન જીડીસીઆરમાં તમામ એરપોલ્યુશન વિસ્તારમાં ૩૦ % ગ્રાઉન્ડ કવરેજ તથા ૯.૦ મીટર પહોળાઈના રસ્તા રાખવાની જોગવાઈ થયેલ છે. જેને કારણે વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં સ્થિત છાણી, સમા, ગોરવા, ગોત્રી સહિત લગભગ ૨૫ ગામોની જમીનોનો સમાવેશ થાય છે. જે જમીનો પૈકી અમુક જમીનોમાં અગાઉ નગર રચના યોજનાઓ બનાવવામાં આવેલ છે. તથા હાલમાં અમલમાં પણ છે. તથા હાલમાં વેમાલી, દુમાડ તથા સમાની જમીનોમાં વુડા દ્વારા બનાવવામાં આવેલ નગર રચના યોજનાનો તથા ગોરવા, છાણી, ગોત્રી,માં વડોદરા મહાનગર સેવાસદન દ્વારા ઈરાદો જાહેર કરેલ નગર રચના યોજનાઓનો પણ સમાવેશ થાય છે. આથી ખેડુતો દ્વારા નગર રચના યોજનામાં ૪૦ % કપાત ઉપરાંત જીડીસીઆરની ગ્રાઉન્ડકવરેજ તથા ૯.૦ મીટરના આંતરીક રસ્તાની જોગવાઈને કારણે આર્થિક નુકશાન જતુ હોવાની વારંવાર રજુઆતો કરવામાં આવે છે. આથી એરપોલ્યુશન સર્વેને લાંબો સમય થયેલ હોઈ ફરીથી નવીન એરપોલ્યુશન સર્વે કરાવી નવેસરથી એરપોલ્યુશન વિસ્તાર નકકી કરવા તથા નવો એરપોલ્યુશન વિસ્તાર નકકી ન થાય ત્યાં સુધી પ્રવર્તમાન જીડીસીઆરની ૩૦ % ગ્રાઉન્ડ કવરેજ તથા ૯.૦ મીટરની પહોળાઈના આંતરિક રસ્તાની જોગવાઈ મોકુફ રાખવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણય અંગે રજુ થતા એરપોલ્યુશન સર્વે વર્ષો પહેલા થયેલ હોઈ હાલ આ સર્વેને ધ્યાને રાખી બિલ્ટઅપ કે રસ્તાની પહોળાઈ માટે નિયંત્રણો મુકવા યોગ્ય નથી તેમ સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું આથી સરકારશ્રીના ઈન્ડસ્ટ્રીઝ વિભાગને આ વિસ્તારમાં નવેસરથી એરપોલ્યુશન સર્વેનો રીપોર્ટ આવે ત્યાં સુધી જીડીસીઆર-૨૦૦૬ માં થયેલ બિલ્ટઅપ એરીયા તથા રસ્તાની પહોળાઈની જોગવાઈ રદ કરવા જીડીસીઆર-૨૦૦૬ માં સુધારો કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૫)** વુડા વિસ્તારમાં નવેસરથી એરપોલ્યુશન સર્વે કરાવવા ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ વિભાગને જણાવવા તથા વુડાની મંજુર દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવેલ એરપોલ્યુશન લાઈનમાં દર્શાવેલ વિસ્તારમાં રહેણાંક હેતુ માટે ૩૦ % ગ્રાઉન્ડ કવરેજ તથા ૯.૦ મીટરના રસ્તાની પહોળાઈની થયેલ જોગવાઈ નવીન એરપોલ્યુશન સર્વેરીપોર્ટ આવે ત્યાં સુધી રદ કરવા જીડીસીઆર-૨૦૦૬ માં કાયદાની કલમ-૧૯ હેઠળ સુધારો કરવા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર (૧૧) : મોજે પાદરાની આખરી મંજુર નગર રચના યોજના પાદરા નં.૨ માંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગની પહોળાઈમાં ફેરફાર કરવા બાબત.**

વુડાની મંજુર અને અમલી દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ મોજે પાદરાની જમીનોમાં આવેલ આખરી મંજુર નગર રચના યોજના પાદરા નં.૨ માંથી પસાર થતા ૪૦ મીટરના રાજ્ય ધોરી માર્ગને ૭૫.૦ મીટરનો દર્શાવેલ છે. જેતે કારણે આ રસ્તા પર ફાળવેલ ફાઈનલ પ્લોટોમાં મોટી કપાત થાય છે. સવાલવાળી નગર રચના યોજના ઘણા વર્ષોથી અમલમાં હોઈ કપાતમાં જતા અંતિમખંડો પૈકી મોટા ભાગની જમીનો વિકસિત થઈ ગયેલ છે. બાકી રહેલ અંતિમખંડોમાં વુડાના રહેણાંક/વાણિજ્ય હેતુના અંતિમખંડો જોતા ૭૫.૦ મીટરની પહોળાઈનું અમલીકરણ કરાવવુ શકય જણાતુ નથી. તથા અમલીકરણ કરાવવુ હોય તો સ્કીમ વેરીડ કરી જે તે ફાઈનલ પ્લોટ ધારકોને વળતર અથવા જમીન ફાળવવાની થાય તેમ છે. જે પણ ઘણુ ખર્ચાળ પુરવાર થાય તેમ છે. ઉકત સંજોગોમાં ફકત નગર રચના યોજના પાદરા નં.૨ વિસ્તારમાં પુરતી વિકાસ યોજનાના ૭૫.૦ મીટર પહોળાઈને રસ્તાને નગર રચના યોજના પાદરા નં.૨ માં દર્શાવ્યા મુજબ જ ૪૦ મીટરનો જ રાખવા સુધારો કરવો હિતાવહ રહે તેમ છે. આથી નગર રચના યોજના પાદરા નં.૨ માં વિકાસ યોજનામાં દર્શાવેલ ૭૫.૦ મીટરના રસ્તાને મંજુર નગર રચના યોજનામાં દર્શાવ્યા મુજબની જ ૪૦ મીટરની પહોળાઈનો કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ સુધારો કરવા અંગેના મુધ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વુડાની વિકાસ યોજના તૈયાર કરતી વખતે વડોદરા શહેરની બહાર નીકળતા તમામ રાજ્ય ધોરી માર્ગને ૭૫.૦ મીટર પહોળા કરવા થયેલ નિર્ણય પરત્વે વડોદરા-પાદરા-જંબુસર રાજ્ય ધોરી માર્ગને પણ વિકાસ યોજનામાં ૭૫.૦ મીટરનો દર્શાવેલ હતો પરંતુ આ રસ્તો વર્ષોથી અમલી નગર રચના યોજના પાદરા નં.૨ માંથી પસાર થતો હોઈ હયાત બાંધકામોને અસર થાય તેમ હોઈ તથા રસ્તાનું અમલીકરણ ખુબ ખર્ચાળ સાબિત થાય તેમ હોઈ નગર રચના યોજના પાદરા નં.૨ વિસ્તાર પુરતી આ રસ્તારેષા ટી.પી.સ્કીમમાં દર્શાવ્યા મુજબની ૪૦.૦ મીટર જ રાખવા કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં સુધારા દરખાસ્ત પાઠવવા સર્વ સભ્ય શ્રીઓની સર્વ સંમતી હતી. જે અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૬)** નગર રચના યોજના પાદરા નં.૨ માંથી પસાર થતી રાજ્ય ધોરીમાર્ગની રસ્તારેષા કે જે વુડાની મંજુર અને અમલી દ્વિતિય પુરાવર્તિત વિકાસ યોજનામાં ૭૫.૦ મીટરની દર્શાવેલ છે. જે રસ્તારેષા ટી.પી.સ્કીમ વિસ્તાર પુરતી ટી.પી.સ્કીમમાં દર્શાવ્યા મુજબની ૪૦ મીટર પહોળી કરવા અંગે સુધારો કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા માટે ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર (૧૨) : મોજે નિમેટાના ટીકા નં.૨ માં સુચિત ૭૫.૦ મીટર રોડ સ્કેલ મુજબ ૯૦.૦ મીટરનો થતો હોઈ નકશામાં સુધારો કરવા બાબત તથા ટી.પી.સ્કીમ વિસ્તારમાં હયાત રસ્તા મુજબ સુધારો કરવા બાબત.**

વુડાની મંજુર અને અમલી દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં વડોદરા આજવા રાજ્ય ધોરી માર્ગને ૭૫.૦ મીટર પહોળાઈના રસ્તો દર્શાવવામાં આવેલ છે. મોજે નિમેટા ટીકા નં.૧ માં આ રસ્તો લખાણમાં તથા સ્કેલ મુજબ ૭૫.૦ મીટરનો દર્શાવેલ છે. પંરતુ ટીકા નં.૨ માં આ રસ્તો લખાણમાં ૭૫.૦ મીટર દર્શાવેલ છે પરંતુ સ્કેલ મુજબ ૯૦.૦ મીટરનો થાય છે. આ અંગે સ્થાનિક ખેડુતો દ્વારા સ્કેલ મુજબ પણ ૭૫.૦ મીટર કરવા સુધારો કરવા અરજી કરેલ છે. વધુમાં ટીકા નં.૧ માં દર્શાવેલ ૭૫.૦ મીટર રસ્તાને કારણે આખરી મંજુર નગર રચના યોજના નિમેટા નં.૧ ના ફાઈનલ પ્લોટોની પણ કપાત થાય છે. જેને કારણે રસ્તાની અસર થતા ફાઈનલ પ્લોટ ધારકોને વળતર આપવાનો અથવા સ્કીમ વેરીડ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. આથી નગર રચના યોજના વિસ્તાર પુરતી ૭૫.૦ મીટર પહોળાઈ રદ કરી નગર રચના યોજનામાં દર્શાવેલ પહોળાઈ ચાલુ રાખવા અંગે તથા ટીકા-૨ માં સ્કેલમાં રસ્તાની પહોળાઈ દર્શાવવામાં થયેલ ભુલ સુધારવા અંગે કાયદાની કલમ-૧૯ હેઠળ સુધારો કરાવવા ચર્ચા-વિચારણા તથા નિર્ણયાર્થે મુધ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ થતી વુડાની વિકાસ યોજના તૈયાર કરતી વખતે વડોદરા શહેરની બહાર નીકળતા તમામ રાજયધોરી માર્ગને ૭૫.૦ મીટર પહોળા કરવા થયેલ નિર્ણય પરત્વે વડોદરા આજવા રોડને પણ ૭૫.૦ મીટરદર્શાવવામાં આવેલ છે. પરંતુ આ રસ્તા અંતિમ મંજુર નગર રચના યોજના નિમેટા નં.૧ માંથી પસાર થતો હોઈ રસ્તાનું અમલીકરણ ખર્ચાળ સાબિત થાય તેમ હોઈ સ્કીમ વિસ્તાર પુરતો આ રસ્તો ટી.પી.સ્કીમમાં દર્શાવ્યા મુજબનો જ રાખવા સુધારો કરવા તથા મોજે નિમેટાના ટીકા નં.૨ માં આ રસ્તો ૭૫.૦ મીટર લખાણમાં દર્શાવેલ છે પરંતુ સ્કેલ મુજબ ૯૦.૦ મીટર થતો હોઈ રસ્તાની પહોળાઈ દર્શાવવામાં થયેલ ભુલ સુધારવા કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા સર્વ સભ્યશ્રીઓની સર્વ સંમતી હતી. જે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક(૨૧૫૭)** : મોજે નિમેટાના ટીકા નં.૨ માં સુચિત ૭૫.૦ મીટર રોડ સ્કેલ મુજબ ૯૦.૦ મીટરનો થતો હોઈ રસ્તાની પહોળાઈ દર્શાવવામાં થયેલ ભુલ સુધારવા તથા નગર રચના યોજના નિમેટા નં.૧ માંથી પસાર થતી રાજ્ય ધોરી માર્ગની રસ્તારેષા કે જે વુડાની મંજુર અને અમલી દ્વિતિય પુરાનરાવર્તિત વિકાસ યોજનામાં ૭૫.૦ મીટરની દર્શાવેલ છે તે ટી.પી.સ્કીમ વિસ્તાર પુરતી ટી.પી. સ્કીમમાં દર્શાવ્યા મુજબની પહોળાઈ કરવા અંગે સુધારો કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર (૧૩) : મોજે સેવાસીની નગર રચના યોજના સેવાસી નં.૨ ની ૧૮.૦ મીટર રસ્તારેષા વોટરબોડીમાં આવતી હોઈ રસ્તારેષામાં સુધારો કરવા બાબત.**

મોજે સેવાસીની મુસધ્દારૂપ મંજુર નગર રચના યોજના સેવાસી નં.૨ માં ઉત્તર-દક્ષિણ ૧૮.૦ મીટર પહોળાઈની રસ્તારેષા બીનનંબરી વોટરબોડીની જમીનમાંથી પસાર થતી હોઈ નગર રચના અધિકારીશ્રી, એકમ-૩, વડોદરા દ્વારા સદરહું રસ્તારેષાને કારણે કાંસ બંધ થવાની તથા ભવિષ્યમાં વરસાદી પાણીનો ભરાવો થવાની શકયતા જોતા આ રસ્તાની રસ્તારેષા આ વોટર બોડીમાંથી રદ કરી રસ્તાની પથરેખામાં ફેરફાર કરી કાંસને સમાંતર લીંક રોડ સુચવવા દરખાસ્ત પાઠવેલ છે. સ્થળે બીનનંબરી વોટર બોડી લગભગ ૨૦ ફુટ જેટલી ઉંડાઈમાં છે આથી આ વોટરબોડી પરથી રસ્તાની પથરેખા રદ કરી પથરેખામાં ફેરફાર કરવો ઉચિત જણાય છે તથા વોટરબોડી કે જે બીનનબરી છે, જેમાંથી વિકાસ યોજનામાં દર્શાવેલ ૧૮.૦ મીટર રસ્તારેષા તથા દર્શાવેલ રહેણાંક ઝોનને રદ કરી વોટરબોડી તરીકે દર્શાવવા તથા બ્લોક નં.૨૬૪, ૨૭૨, ૨૭૬ તથા ૨૬૦ માંથી ઉત્તર-દક્ષિણ પસાર કરી કાંસને સમાંતર રસ્તો ૩૦.૦ મીટર પહોળાઈના રસ્તાને અડે તે મુજબ દર્શાવવા વિકાસ યોજનામાં કાયદાની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા અંગેના મુદો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા મોજે સેવાસીના બીનનંબરી વોટર બોડીમાંથી પસાર થતી રસ્તારેષા કે જે વુડાની મંજુર અને દ્વિતિય પુરાનવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક (આર-૧)માંથી પસાર થતી ૧૮.૦ મીટરની રસ્તારેષા દર્શાવેલ છે. પરંતુ સ્થળે ૨૦ ફુટ જેટલી ઉંડી વોટર બોડી હોઈ વોટર બોડીમાંથી પસાર થતી રસ્તારેષા બદલવી ઉચિત રહે તેમ સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતુ. આથી વોટરબોડીમા દર્શાવેલ ૧૮.૦ મીટર રસ્તારેષા તથા રહેણાંક ઝોન (આર-૧) ઝોન રદ કરી વોટરબોડી દર્શાવવા તથા પથરેખામાં ફેરફાર કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ સુધારા માટે સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા સર્વસભ્યશ્રીઓની સંમતી હતી. જે પરત્વે નીચે મુજબ ઠરાવવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૮) :** મોજે સેવાસીની મુસધ્દારૂપ મંજુર નગર રચના યોજનામાં સેવાસી નં.૨ માંથી ઉત્તર દક્ષિણ પસાર થતી ૧૮.૦ મીટર પહોળી રસ્તારેષામાં આવતા બીનનંબરી વોટર બોડીમાં રસ્તારેષા રદ કરવા તથા વોટર બોડી વાળા ભાગમાં રહેણાંક ઝોન (આર-૧) દર્શાવેલ હોઈ વોટરબોડી દર્શાવવા તથા બ્લોક નં.૨૬૪, ૨૭૨, ૨૭૬ તથા ૨૬૦ માંથી ઉત્તર-દક્ષિણ પસાર કરી કાંસને સમાંતર રસ્તો ૩૦.૦ મીટર રસ્તાને અડે તે મુજબ દર્શાવી સુધારો કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર(૧૪) : વુડાની અમલી વિકાસ યોજનામાં દર્શાવેલ ખેતીવિષયક ઝોનમાં રહેણાંક ઝોનનો વધારો કરવા માટેની અરજીઓ બાબત.**

વુડાની દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના બનાવવાના જે તે તબકકે જરૂરી વિચારવિમર્શ કરી નિર્ણયો લઈ વિકાસ યોજના તૈયાર કરી કાયદાની કલમ-૧૩ હેઠળ વિકાસ યોજના પ્રસિધ્ધ કરી જાહેર જનતાના વાંધા સુચનો મેળવવામાં આવેલ હતા. જેમાં દરેક અરજીની વ્યકિતગત ચકાસણી કરી જાહેરહિતમાં નિર્ણય લઈ વાંધા સુચનો ગ્રાહય રાખવા અથવા ન રાખવામાં આવેલ હતા. જે તમામ વાંધા સુચનો સહ સરકારશ્રીમાં કાયદાની કલમ-૧૬ હેઠળ વિકાસ યોજના મંજુરી અર્થે પાઠવેલ હતી. જેમાં સરકારશ્રી દ્વારા પણ વાંધા સુચનો મંગાવી મળેલ દરેક અરજીઓની ચકાસણી કરી ગ્રાહય રાખવા પાત્ર વાંધાઓ સામે સુધારા કરી વુડાની દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના તા.૧૮/૦૧/૨૦૧૨ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. જે હાલ અમલમાં છે. હવે આ વિકાસ યોજનામાં વધુ રહેણાંક ઝોન વધારવા માટે મોજે પવલેપુર તથા વોરાગામડીમાં બે અરજીઓ મળેલ છે. સરકારશ્રી દ્વારા પણ આ અરજીઓ પરત્વે વુડા દ્વારા કાર્યવાહી કરવાની થાય તે મુજબના જવાબો જે તે અરજદારશ્રીને કરવામાં આવેલ છે. આથી તેઓ દ્વારા આ બાબતે અત્રે ઝોનફેર માટે વારંવાર રજુઆતો કરે છે. તથા તેઓની અરજી પરત્વે થયેલ કાર્યવાહી માટે માહિતી અધિકાર હેઠળ પણ માહિતી માંગવામાં આવેલ છે.જેમાં ઝોનીગમાં વધારો કરવા માટે સ્થળસ્થિતિ, આજુબાજુની નજીકની જમીનોમાં વિકાસની હાલની સ્થિતિ, આ વિસ્તારમાં ઝોન વધારવાથી ઉભી થનાર જવાબદારીઓ વિગેરે તમામ પાસાઓનો વિચાર કરવામાં આવે તો તથા અત્રે વિકાસ પરવાનગી માટે આવતી અરજીઓ જોતા જણાવેલ વિસ્તારોમાં હાલની પરિસ્થિતિમાં વિકાસ યોજના અમલમાં આવ્યા તારીખ થી છેલ્લા દોઢવર્ષમાં તેઓની જમીનની નજીકમાં આવેલ રહેણાંક ઝોન (આર-૩)માં રહેણાંક વિકાસ માટે નોંધપાત્ર કહી શકાય તેવી વિકાસની ઝડપ જણાતી નથી. આથી આવી ઝોનફેરની રજુઆત અંગે અરજદારશ્રીની અરજી પરત્વે યોગ્ય તે કાર્યવાહી માટે જરૂરી ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે વુડા બોર્ડ સમક્ષ મુધ્દો રજુ થતા સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતુ કે વિકાસ યોજના તા.૧૮/૧/૨૦૧૨ ના રોજ મંજુર થયેલ છે. જે તે વખતે વિકાસ યોજના બનાવવાના તબકકે આવનારા વર્ષોનું વિકાસનું ભારણ ધ્યાને રાખીને જ ઝોનીગ કરવામાં આવેલ છે. જે ઝોનીગ સરકારશ્રી દ્વારા પણ મંજુર કરેલ છે. હવે આ ઝોનીગના વિસ્તારમાં વધારો વિકાસ ની ઝડપ આધારે જ થઈ શકે આથી હાલના તબકકે આ પ્રકારની ઝોનફેરની અરજીઓ ના-મંજુર કરવાની રહે તેમ સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું. જે પરત્વે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૫૯)** મોજે પવલેપુર તથા વોરાગામડીમાં ખેતીવિષયક ઝોનમાંથી રહેણાંક ઝોનમાં ઝોનફેર કરવાની અરજીઓ ના-મંજુર કરવા તથા તે મુજબ અરજદારશ્રીને જવાબ પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર : (૧૫ ) મોજે ઉંડેરા ખાતે ગટર ઉભરાવવાની પરીસ્થિતિના કારણે થયેલ રજુઆતો બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ખૂબજ ઝડપથી ચારે બાજુ વિકાસ થઈ રહેલ છે. મોજે ઉંડેરા ખાતે વુડા ધ્વારા ઘણી બધી નવીન સોસાયટીઓને મંજુરી આપવામાં આવેલ છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વિસ્તારમાં આવતા વિસ્તારોમાં અગાઉ જયારે વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી ત્યારે ફકત ચકાસણી ફી લઈ વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી. આ ફીની આવક એટલી શુલ્ક હતી કે તેની સામે આ વિકસીત વિસ્તારોને કોઈ સુવિધા આપી ન શકાય. આ ઉપરાંત કાયદાકીય જોગવાઈ જોતા આ વિસ્તારોને ઝોનની દ્રષ્ટીએ જોતા વિકાસથી વંચીત પણ ન રાખીશકાય. આ સંજોગોમાં જે તે વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ આપવા નગર રચના યોજનાઓ મુકવી એ એકમાત્ર વિકલ્પ હોઈ, વુડાએ વિવિધ વિસ્તારોમાં કુલ ૧૯ નગર રચના યોજનાઓ બનાવેલ છે. અને હજુ નવા વિસ્તારોમાં આ નગર રચના યોજનાઓ બનાવવાનુ કામ ચાલુ જ છે તથા આ નગર રચના યોજનાઓમાં આવરી લેવાયેલ વિસ્તારોમાં સુનિયોજીત વિકાસ થઈ રહેલ છે. પરંતુ ઉંડેરા, ગોરવા ખાતે શરૂઆતથી જ નગર રચના યોજના વગર આગળ વધી રહેલ છે. આ વિસ્તારનો સુઆયોજીત વિકાસ થાય તેને ધ્યાને લઈ વુડા ધ્વારા આ વિસ્તારમાં બે નગર રચના યોજનાઓનુ આયોજન કરાયેલ પરંતુ તેની સામે ના.ગુજરાત હાઈકોર્ટ તથા ના. સુપ્રિમ કોર્ટમાં કેસ ચાલુ છે અને તેમાં વુડા તથા રાજય સરકાર સામે આ નગર રચના યોજના મંજુરી સામે સ્ટે મળેલ છે. આ છતાઆવા વિસ્તારોની સમસ્યાથી વુડા વંચિત છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૨૯(૧) (૪) (અ) માં થયેલ સુધારા પરત્વે હવે સત્તામંડળ પોતાના વિસ્તારોમાં જયાં પાણી, ગટર, સ્ટોર્મ વોટર વિગેરેની સગવડ આપે ત્યાં તેની સામે ચાર્જીસ ઉઘરાવી શકે છે. આ અંગે વુડાની તા.૧૮/૧/૧૨ થી મંજુર થયેલ દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં કલોઝ ૫.૩.૨ થી એમીનીટીઝ ચાર્જનુ પ્રકરણ અસ્તિત્વમાં આવેલ છે. અગાઉ જયારે વુડા ધ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી ત્યારે ગટર, પાણીની વ્યવસ્થા જમીન માલીકપર છોડી દેવાતી હતી અને તે અંગે વુડા ધ્વારા કોઈ ચકાસણી કરવામાં આવતી ન હતી. કારણકે આ જવાબદારી જે તે જમીન માલિકની પોતાની રહેતી હતી અને આ અંગે વુડા પાસે કોઈ માંગણી કરી શકશે નહિ તેમ સ્પષ્ટ શરત રાખવામાં આવતી હતી. હવે જયારે એમીનીટીઝ ફી માટે મંજુરી મળેલ છે ત્યારે તેના કારણે થનાર નાણાકીય ઉપલબ્ધીને કારણે વુડા ડ્રેનેજ અને વોટર સપ્લાય માટે આયોજન કરી રહેલ છે. અને તેને કારણે અગાઉ મંજુર થયેલ સોસાયટીઓમાં પણ યુઝર ચાર્જ વસુલીને આ સુવિધાઓ માટે વિચારી શકાય. પરંતુ જયાં પ્રશ્ન ઉંડેરા ગોરવાની સોસાયટીઓનો છે ત્યાં પ્રશ્ન એટલો વિકટ બનેલ છે કે ત્યાં તાત્કાલીક કામગીરી કરવી પડે તેમ છે. જેમાં સ્વતંત્ર રીતે વુડા આયોજન કરી ગટર લાઈન કરવા ધારે તો સમગ્ર પ્રક્રિયા ખુબ લાંબો સમય લઈ લે અને તેટલા સમય સુધી આમ જનતાને હાલાકિ ભોગવવા ફરજ પાડી ન શકાય. આ અંગે સ્થાનીક રહીસો ધ્વારા “તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ” અંતર્ગત ફરીયાદ પણ કરવામાં આવેલ હતી. જેમાં કલેકટરશ્રી ધ્વારા પણ આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે વુડા તથા કોર્પોરેશનને તાકીદ કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને ઓકટોબર-નવેમ્બર ૨૦૧૨ દરમ્યાન જયાં ખૂબજ વિકટ સમસ્યા હતી તે પુષ્પમ ટાઉશીપ તથા તેની આસપાસની સોસાયટી આગળ જલારામ નગર પાસે, ગોરવા રીફાઈનરી રોડ ક્રોસ કરી નવીન લાઈન નાખવાની, એક નવીન ચેમ્બર બનાવવાની કામગીરી તથા ચાર હયાત ચેમ્બરોને રીપેર કરવાની કામગીરી અંગે અંદાજે રૂા.૪.૩૧ લાખના ખર્ચે કરવામાં આવેલ હતી. જેમાં કોર્પોરેશન ધ્વારા તેઓના જેટીંગ મશીનો મોકલાવી ગટર લાઈનો સાફ કરેલ હતી. જયારે હવે સામેના ભાગમાં પેટ્રોફીલ્સ લાઈનની ગલીમાં અંદાજે ૧૦ થી ૧૫ સોસાયટીમાં, જયારે ગોપી નાથ ટેનામેન્ટ તથા તેની સાથેની અન્ય સોસાયટીઓમાં ડ્રેનેજના પાણી ઉભરાવવાની સમસ્યા હજી યથાવત છે. જેમાં પણ બન્ને જગ્યાએ જુની લાઈનો અમુક જગ્યાએ ચોક-અપ થઈ ગયેલ હોય તે લાઈનો નવીન નાખી તથા હયાત ચેમ્બરોને રીપેરીંગ કરવાની કામગીરી કરવાની થાય છે. જે અંગે નીચે મુજબ અંદાજીત ખર્ચ થાય તેમ છે.

| | |
|---|---|
| (૧) પેટ્રોફીલ્સ પાછળની સોસાયટીમાં રીપેર કામગીરીનો અંદાજીત ખર્ચ | રૂા.૫૬૮૧૧૯.૪૨ |
| (૨) ગોપીનાથ ટેનામેન્ટ તથા અન્ય સોસાયટીમાં રીપેરીંગની કામગીરીનો અંદાજીત ખર્ચ | રૂા.૫૧૫૮૫૦.૦૩ |

આમ બન્ને સ્થળોએ કામગીરી કરાવવા માટે અંદાજે રૂા.૧૦.૮૪ લાખ ઉપરાંતનો ખર્ચ થાય તેમ છે. જયારે અગાઉ રૂા.૪.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ અગાઉ કરેલ ખર્ચ રૂા.૪.૩૧ લાખને બહાલી અર્થે તથા હવે કરવાના થતા અંદાજે રૂા.૧૦/- લાખના ખર્ચને મંજુર કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંત. નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૬૦)** : મોજે ઉંડેરા ખાતે વુડા વિસ્તારની સોસાયટીઓમાં ગટરના પાણી ઉભરાવવાના કારણે અગાઉ કરવામાં આવેલ રૂા.૪.૩૧ લાખની કામગીરીને તથા હાલમાં પેટ્રોફીલ્સની પાછળની સોસાયટીઓમાં તથા ગોપીનાથ સોસાયટીઓમાં કરવાની થતી કામગીરીને તથા તે અંગે થનાર રૂા.૧૦.૮૪ લાખના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી આમ ઉંડેરા ખાતે પાણી ઉભરાવવાને કારણે થયેલ રૂા.૪.૩૧ લાખનો ખર્ચ તથા હવે થનાર રૂા.૧૦.૮૪ લાખ મળી કુલ રૂા.૧૫.૧૫ લાખના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર : (૧૬ ) મોજે સેવાસી ખાતેની નગર રચના યોજના ૧ (સેવાસી) માં વુડાને ફાળવવામાં આવેલ અંતિમ ખંડો તથા અન્ય અંતિમ ખંડો લેવલ કરવા બાબત.**

વુડા ધ્વારા સેવાસી ખાતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ નગર રચના યોજના – ૧ બનાવવામાં આવેલ હતી. જેની પ્રારંભીક યોજનાઓ ૩૦ નવેમ્બર ૧૯૯૯ માં મંજુર થઈ અમલમાં આવેલ છે. વુડા વિસ્તારમાં થઈ રહેલ ડેવલોપમેન્ટને ધ્યાને લેતા વુડા ધ્વારા સદર નગર રચના યોજનાનુ અમલીકરણ કરવાનુ નકકી કરેલ, જે અંતર્ગત ટી.પી. સ્કીમોના રોડ ખોલાવવાનુ તથા ફાઈનલ પ્લોટના લેવડ દેવડની કામગીરી સન – ૨૦૦૯ માં શરૂ કરેલ હતી. પરંતુ સદર નગર રચના યોજના વિસ્તારમાં ખૂબજ મોટા ખાડા આવેલ છે. જેમાં ધણા અરજદારોને કે જેઓની મુળ ખંડની જગ્યા સમતલ હતી પરંતુ તેઓને ફાઈનલ પ્લોટ અંદાજે ૨ મી. થી ૪ મી. જેટલા ઉંડા ખાડામાં આપેલ છે. આના કારણે ફાઈનલ પ્લોટના લેવડ દેવડમાં ખૂબજ વિરોધ થયેલ હતો. જેના અમલી કરણની કામગીરીમાં મુશ્કેલી પડેલ હતી. વુડા ધ્વારા ત્યારબાદ ટી.પી. સ્કીમના રોડોને પાકો કરવાનો ઈજારો સોંપવામાં આવેલ હતો. જેમાં અરજદારશ્રીઓને સમજાવટથી રોડોના પઝેશનો મેળવી લીધેલ તથા ફાઈનલ પ્લોટના લેવડ દેવડની કામગીરી પણ મહદઅંશે પૂર્ણ કરેલ છે. આમ નગર રચના યોજનાના તળાવની આસપાસના ફાઈનલ પ્લોટોનો (અંદાજે ૧૪ ફાઈનલ પ્લોટો) કબજો સોંપી શકાયેલ નથી. તળાવની આસપાસ ખૂબજ મોટા ખાડા છે. આ સંજોગોમાં સદર ટી.પી. સ્કીમના ૩૦ મી. ના મુખ્ય રસ્તાની એન્ટ્રીનો ભાગ પણ પૂર્ણ કરી શકાયેલ નથી. રોડમાં આવતા ખાડાવાળા ભાગ ભરવામાં આવેલ છે. પરન્તુ અન્ય વુડાના ફાઈનલ પ્લોટવાળો ભાગ તથા અન્ય ખાડાઓ હાલ તેમજ પડેલ છે. આ સંજોગોમાં આ સમગ્ર ખાડામાં માટી કામ કરાવી લેવલ કરવુ જરૂરી છે. આ ભાગમાં વરસાદી કાંસનુ પાણી પણ જતુ હતુ. આ સંજોગોમાં રોડની કામગીરી સાથે વરસાદી કાંસ ડાયવર્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જેથી વરસાદી પાણી આ ખાડાઓમાં જાય નહી. પરન્તુ ખાડા ભરવાની કામગીરી થયેલ નથી. સદર નગર રચના યોજનાના અમલીકરણની કામગીરી પૂર્ણ કરવા આ કામગીરી કરવી ખૂબજ જરૂરી છે. હાલ વુડાને ફાળવેલ અંતિમ ખંડો ભરવાની કામગીરી કરવામાં આવે તો તે અંગે અંદાજે ૫૦,૦૦૦ ધન મીટર માટી ભરવાની થાય જેનો અંદાજે રૂા.૧૩૬.૩૭ લાખ જેટલો ખર્ચ થાય તેમ છે. ચોમાસુ નજીક આવી રહેલ હોવાથી આ માટી જલ્દીથી ભરવી પડે તેમ છે. આ સંજોગોમાં માટી કામ કરાવાની કામગીરી તથા તે અંગે થનાર ખર્ચ અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૧૬૧)</u> :** મોજે સેવાસી ખાતે નગર રચના યોજના – ૧ માં વુડાને ફાળવેલ ફાઈનલ પ્લોટો લેવલ કરવા માટે માટી પુરાણ કરવા તથા અન્યને ફાળવેલ ફાઈનલ પ્લોટો પૈકી જેઓનો મુળ ખંડ સમતલ હતો પરંતુ તેઓને સંમપૂર્ણ ફાઈનલ પ્લોટ અથવા તો ફાઈનલ પ્લોટનો અમુક ભાગ કે જે ખાડામાં આપેલ હોય તેવા પ્લોટોમાં ગ્રાઉન્ડ લેવલ સુધીનુ માટી કામ કરી આપવાનુ સર્વાનુ મતે નકકી કરવામાં આવ્યુ અને તે અંગે અંદાજે ૫૦ હજાર ધન મીટર માટી પુરાણ કરવા અંગે થનાર ખર્ચ રૂા.૧૩૬.૩૭ લાખને સર્વાનુ મતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સધળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર :( ૧૭ ) શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડા વિસ્તારમાં પાણી તથા સુવરેજ સીસ્ટમની સુવિધા આપવાના કામ માટે કન્સલટન્ટશ્રી ધ્વારા ઉંડેરા-કોયલી તથા અંકોડીયાના રજુ કરેલ ડ્રાફ્ટ રીપોર્ટ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનો છેલ્લા ઘણા સમયથી ખૂબજ ઝડપથી વિકાસ થઈ રહેલ છે. આ બાબતને ધ્યાને લઈ વુડા ધ્વારા ટી.પી. સ્કીમોના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમો ખોલાવી કાર્પેટ રોડની કામગીરી તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે. જેમા વેમાલી ટી.પી. સ્કીમ – ૧, બીલ ટી.પી. સ્કીમ-૧ તથા ભાયલી ટી.પી. સ્કીમ-૧ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. જયારે હાલ સેવાસી ટી.પી. – ૧, ભાયલી ટી.પી. – ૨, ૩ તથા ૪ અને વેમાલીમાં ટી.પી.-૧ ના બાકી રહેલ રોડની કામગીરીનો ઈજારો આપી કામગીરી શરૂ કરવામાં આવેલ છે. પરન્તુ આની સાથે ડ્રેનેજ લાઈન તથા પાણીની લાઈનો નાખી તેની સુવિધાઓ આપવાની પણ ખૂબજ આવશ્યકતા છે. જાન્યુઆરી ૨૦૧૨ થી ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજના સરકારશ્રી ધ્વારા મંજુર કરી અમલમાં આવતા, તેની જોગવાઈઓ મુજબ નવી વિકાસ પરવાનગી આપવાના સમયે અથવા તો જેઓને વિકાસ પરવાનગી આપેલ છે પરંતુ ઓકયુપેશન સર્ટીફીકેટ મેળવેલ નથી. તેવા કીસ્સાઓમાં અમીનીટીઝ ચાર્જ વસુલવાનુ શરૂ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં વુડા વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીની સુવિધાઓ આપવી હવે ફરજીયાત આપવાની થાય તેમ છે. આ સંજોગોમાં અગાઉ વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૧૬ તા.૦૫/૦૯/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક ૨૧૧૨ માં મળેલ મંજુરી મુજબ કન્સલટન્સી અંગેની કામગીરી મે. સાંઈ કન્સલટીંગ એન્જીનીયર્સ પ્રા.લી. ને સોંપવામાં આવેલ છે. તેઓને સોંપવામાં આવેલ પ્રથમ તબકકાનાં ઉંડેરા-કોયલી-અંકોડીયા વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી તેના ડ્રાફ્ટ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરેલ છે. જેમાં ડ્રેનેજના પ્રોજેકટ માટે અંદાજે ૪૮.૮૦ કી.મી. લંબાઈમાં નેટવર્ક બનાવેલ છે. જેમાં ઉંડેરા ખાતે ૨, કોયલી ખાતે ૩ અને અંકોડીયા ખતે ૧ મળી કુલ ૬ પંમ્પીંગ સ્ટેશનોનુ આયોજન કરેલ છે. જયારે કોયલી ખાતે ૫ એમ.એલ.ડી.નો એસ.ટી.પી. પ્લાન્ટ બનાવવાનુ આયોજન કરવામાં આવેલ છે. તેવીજ રીતે તેને સમાંતર પાણી સપ્લાયની લાઈનો નાખવાનુ નેટવર્ક બનાવેલ છે. જેમાં પાણીના સોર્સની કુલ જરૂરીયાત ૧૫.૮૩ એમ.એલ.ડી. ની જરૂરીયાત છે. વુડા પાસે આ અંગે કોઈ અન્ય કોઈ સોર્સ નથી. પરંતુ સર્વે કરતા હાલમાં ૭.૮ એમ.એલ.ડી. પાણી હયાત બોરવેલમાંથી મળે તેમ છે. જયારે વધારાનુ ૮.૦૩ એમ.એલ.ડી. પાણી ઉંડેરા ખાતે બે તથા કોયલી ખાતે એક બોરવેલ ધ્વારા મેળવવાનુ આયોજન કરેલ છે.

આમ ઉપરોકત વિગતોએ ઉંડેરા-કોયલી-ખાનપુર (પાર્ટ) વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીના નેટવર્ક અંગે કન્સલટન્ટશ્રી ધ્વારા બનાવેલ ડ્રાફ્ટ રીપોર્ટ મુજબ નીચે મુજબનો ખર્ચ થાય તેમ છે.

| | |
|---|---|
| ૧. ડ્રેનેજનુ નેટવર્ક, પમ્પીંગ સ્ટેશનો તથા એસ.ટી.પી. લાઈનો નાખવા સાથેની કામગીરી | રૂા.૫૦.૩૬ કરોડ |
| ૨. પાણીના નેટવર્કની કામગીરી | રૂા.૧૪.૩૧ કરોડ |
| | **કુલ રૂા.૬૪.૬૭ કરોડ** |

મે. સાંઈ કન્સલટીંગ એન્જીનીયર્સ પ્રા.લી. ધ્વારા હાલમાં બીજા તબકકામાં સેવાસી-ભાયલી વિસ્તારને આવરી લેતી યોજનાના ડ્રાફ્ટ પ્રોજેકટ રીપોર્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. હાલમાં ઉપરોકત વિગતો મુજબ કન્સલટન્ટ ધ્વારા બનાવવામાં આવેલ ડ્રાફ્ટ પ્રોજેકટ રીપોર્ટ અન્વયે થનાર અંદાજીત રૂા.૬૪.૬૭ કરોડના ખર્ચની મંજુરી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૬૨)** : મોજે ઉંડેરા-કોયલી-અંકોડીયા પાર્ટ વિસ્તારમાં મે. સાંઈ કન્સલટન્ટ ધ્વારા સર્વેની કામગીરી કરી પાણી તથા ડ્રેનેજ સુવિધા માટે બનાવેલ ડ્રાફ્ટ પ્રોજેકટ રીપોર્ટને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો તથા તેમાં ડ્રેનેજના નેટવર્કીંગ માટે રૂા.૫૦.૩૬ કરોડ તથા પાણીના નેટવર્કની કામગીરી માટે રૂા.૧૪.૩૧ કરોડ મળી કુલ રૂા.૬૪.૬૭ કરોડના ખર્ચ પરત્વે હાલ પુરતી ડ્રેનેજની કામગીરી કરાવવાનુ નકકી થયેલ અને તે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૫૦.૩૬ કરોડને સર્વાનુ મતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર :(૧૮) વુડા વિસ્તારમાં ડ્રેનેજ સીસ્ટમ માટે હોલેન્ડ દેશના મીનીસ્ટ્રી ઓફ ઈકોનોમીકસની નેધરલેન્ડ કાઉન્સીલ ફોર ટ્રેડ પ્રમોશન (એન.બી. એસ.ઓ.) ના પ્રોજેકટનુ અમલીકરણ કરવા બાબત.**

વુડા ધ્વારા વુડા વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીની નુ નેટવર્ક ઉભુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ અંગે નેધરલેન્ડ કાઉન્સીલ ફોર ટ્રેડ પ્રમોશન (એન.બી. એસ.ઓ.) નુ પ્રતિનિધિ મંડળ વુડા કચેરીમાં તા.૫/૦૪/૨૦૧૩ ના રોજ આવેલ હતુ. આ સંસ્થા નેધરલેન્ડની છે જે નેધરલેન્ડ કાઉન્સીલ ફોર ટ્રેડ પ્રમોશન (એન.બી. એસ.ઓ.) ના નેજા હેઠળ નેધરલેન્ડની ટેકનોલોજી અન્ય દેશોમાં પ્રમોટ કરે છે. ભારત સાથે તેઓ ધ્વારા ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, નવી દીલ્હી સાથે જોઈન્ટ વેન્ચર કરેલ છે. આ કંપની ધ્વારા ગુજરાતમાં સૌપ્રથમ વુડા વિસ્તારમાં આ ટેકનોલોજીનુ અમલીકરણ કરવા માટે તેઓનુ પ્રતિનિધિ મંડળ અત્રેની કચેરીમાં તેનુ ડેમોનસ્ટ્રેશન રાખેલ તથા તેની વિગતો આપેલ હતી. આ પ્રાજેકટ વુડાની જરૂરીયાત પ્રમાણે તથા વુડા વિસ્તારમાં વુડાના કન્સલટન્ટ ધ્વારા બનાવવામાં આવના ડી.પી.આર. ને અનુરૂપ કામગીરી કરે તેમ છે. આ જોઈન્ટ વેન્ચર કંપનીઓ ધ્વારા આવતા એક વર્ષમાં આ ટેકનોલોજીના અમલીકરણ અંગે તેઓ ધ્વારા ટ્રીટમેન્ટ પ્લાન્ટના ખર્ચપર ૨૦% થી ૨૫% ની ગ્રાન્ટ આપે તેમ છે. વુડા વિસ્તારમાં હાલમાં ભાયલી ખાતે ૪ નગર રચના યોજનાઓનુ અમલીકરણ થઈ રહેલ છે. જેમાં વુડા ધ્વારા કાર્પેટ રોડની કામગીરી કરેલ છે. ભાયલી નગર રચના યોજના-૧ માં બિલ્ડર એસોસીએશન ધ્વારા ડ્રેનેજનુ નેટવર્ક પણ બનાવેલ છે. જેમાં આ યોજના અંતર્ગતનો ડેમો પ્રોજેકટ તાત્કાલીકમાં થાય તેમ છે. જેથી આ કંપની ધ્વારા આ પ્રોજેકટ કરવા અંગે ભલામણ કરેલ છે. આ કંપનીએ ભારતમાં Oxive Environmental management Pvt. Ltd. સાથે પણ જોઈન્ટ વેન્ચર કરેલ છે. જે પ્રોજેકટથી નીચે મુજબના ફાયદા થાય તેમ છે.

**૧.** આ એક અધ્યતન ટેકનોલોજી છે. જે ભારતમાં પ્રથમવાર અમલમાં આવીરહેલ છે.
**૨.** આ પ્રોજેકટની કેપીટલ કોસ્ટ અન્ય કરતા ઓછી છે અને તેનુ ઓપરેશન અન્ય કરતા સહેલુ છે.
**૩.** આ પ્રોજેકટના અમલીકરણ માટે જમીન પણ ઓછી જોઈએ છે. અને પ્રોજેકટનુ અમલીકરણ ઝડપથી થાય છે.
**૪.** પ્રોજેકટની આજુબાજુના વિસ્તારને હાર્મ ફુલ સ્મેઈલ ઉદભવતી નથી તથા ટ્રીટ થયેલ પાણી પીવાના પાણી સિવાયના દરેક વપરાશમાં કામ લાગે તેમ છે.

ભાયલી ખાતેની નગર રચના યોજનામાં ૫ એમ.એલ.ડી.નો પ્રોજેકટ ઉભો કરવા માટે અંદાજે ૫.૫ કરોડ અંદાજીત ખર્ચ થાય તેમ છે. જેનો ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ બનાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. હાલમાં વુડા ધ્વારા રોકવામાં આવેલ કન્સલટન્ટના ડીટેઈલ રીપોર્ટમાં આ પ્રોજેકટ આમેજ કરી કામગીરી કરીશકાય તેમ છે. જો આ કંપની સાથે કામગીરી કરવી હોય તો તેઓને કન્સન્ટ લેટર આપવો પડે તેમ છે. આ સંજોગોમાં હોલેન્ડ - નેધરલેન્ડ કાઉન્સીલ ફોર ટ્રેડ પ્રમોશન (એન.બી. એસ.ઓ.) સાથે આ કામગીરી કરાવવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૬૩) :** વુડા વિસ્તારમાં ડ્રેનેજ સીસ્ટમ માટે હોલેન્ડ દેશના મીનીસ્ટ્રી ઓફ ઈકોનોમીકસની નેધરલેન્ડ કાઉન્સીલ ફોર ટ્રેડ પ્રમોશન (એન.બી.એસ.ઓ), ના પ્રોજેકટનુ અમલીકરણ અંગે વુડા ધ્વારા રોકવામાં આવેલ કન્સલટન્ટશ્રી મે. સાંઈ કન્સલટન્ટ પાસે તેઓનો વિગતવાર અભિપ્રાય મેળવી ત્યારબાદ યોગ્ય જણાય તો આ અંગે તેઓને આપવાના થતા કનસન્ટ લેટર આપવા તથા આ પ્રોજેકટનુ અમલીકરણ કરવાનુ થાય તો આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર : (૧૯ ) મોજે કલાલી-તલસટ ખાતે ધ્વીતીય પુનરાવર્તીત વિકાસમાં મુકવામાં આવેલ ૩૦ મી. તથા ૪૦ મી. રોડના કલાલીના બ્લોક નં. ૬૦ પાસેના જંકશનમાં વધારાની રોડ લાઈન દુર કરવા બાબત.**

વુડા ધ્વારા તૈયાર કરવામાં આવેલ ધ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજના ૨૦૩૧ સરકારશ્રી ધ્વારા મંજુર કરી તેનો અમલ જાન્યુ આરી ૨૦૧૨ થી કરવામાં આવી રહેલ છે. સદર નગર રચના યોજનામાં મોજે તલસટ અને કલાલીના સીમાડા ઉપર ૩૦ મી. તથા ૪૦ મી. ના ડી.પી. ના રોડ મુકવામાં આવેલ છે. જેમાં મોજે કલાલીના બ્લોક નં. ૬૦, ૬૧ તથા તલસટના બ્લોક નં. ૭૫ ઉપર ૩૦ મી. તથા ૪૦ મી. ના ડી.પી. રોડનુ જંકશન બને છે. આ જંકશનને અડીને મોજે કલાલીમાં ઉત્તર – પૂર્વ માં ૩૦ મી. નો ડી.પી. રોડની વધારાની લાઈન (ડ્રોઈંગમાં દર્શાવ્યા મુજબ A to B) જે તલસટના બ્લોક નં. ૮૫ સુધી આવે છે. તેવીજ રીતે જંકશનથી દક્ષિણ તરફ મોજે તલસટના બ્લોક નં. ૭૫ અને ૭૩ સુધી ૪૦ મી. ની ડી.પી.ની વધારાની લાઈન (ડ્રોઈંગમાં દર્શાવ્યા મુજબ C to D) દર્શાવવામાં આવેલ છે. હકીકતમાં બન્ને રોડ લાઈનો વિકાસ યોજનામાં રસ્તારેષા સુધાર્યા બાદ કાઢવાની રહી ગયેલ છે. આ સંજોગોમાં આ બન્ને વધારાની રોડ લાઈનો (ડ્રોઈંગમાં દર્શાવ્યા મુજબ A to B & C to D ) દુર કરવાપાત્ર થાય છે. આ અંગેના સુધારાની દરખાસ્ત સરકારશ્રીમાં કાયદાની કલમ ૧૯ હેઠળ મોકલવા અંગેનો નિર્ણય લેવાનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૬૪)** : મોજે કલાલીના બ્લોક નં. ૬૦, ૬૧ તથા તલસટના બ્લોક નં.૭૫ ઉપર ૩૦ મી. તથા ૪૦ મી. ના ડી.પી. રોડનુ જંકશન બને છે ત્યાં તેને અડીને મોજે કલાલીમાં ઉત્તર-પુર્વમાં ૩૦ મી. ના ડી.પી. રોડની લાઈન જે તલસટના બ્લોક નં. ૮૫ સુધી આવે છે. તેને તથા સદર જંકશનથી દક્ષિણ તરફ મોજે તલસટના બ્લોક નં. ૭૫ અને ૭૩ સુધી ૪૦ મી. ડી.પી. રોડની વધારાની લાઈનો જે ધ્વીતીય પુનરાવર્તીત યોજના ફાઈનલ કરવા સમયે કાઢવાની રહી ગયેલ છે તેને દુર કરવા કાયદાની કલમ ૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવાનુ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર : (૨૦) વુડાની નગર રચના યોજના વેમાલી – ૧ ખાતે અધ્યક્ષશ્રી તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી માટેના આવાસ તથા અધિકારી / કર્મચારીશ્રીઓ માટે લો-રાઈઝ એપાર્ટમેન્ટ બાંધવા માટે પ્રારંભિક મંજુરી બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ૧૯૭૬ થી અસ્તીત્વમાં આવેલ છે. વુડા કચેરીમાં અધ્યક્ષશ્રી, મુખ્ય કારોબારી અધિકારીશ્રી સહિત ૬૨ અધિકારી / કર્મચારીશ્રીઓનુ મહેકમ છે. જેમાં ઘણા બધા અધિકારીશ્રી સરકારના અન્ય ડીપાર્ટમેન્ટમાંથી ડેપ્યુટેશન ઉપર વુડામાં આવે છે. સરકારના અન્ય વિભાગોમાં ડેપ્યુટેશન ઉપર આવતા અધિકારીઓ/કર્મચારીશ્રીઓ માટેના આવાસો ઉપલબ્ધ છે. પરંતુ વુડાના અધિકારીશ્રી /કર્મચારીશ્રીઓ માટે આવા કોઈ આવાસો ઉપલબ્ધ નથી. વુડા ધ્વારા આવા આવાસો બનાવી એસેટસ ઉભી કરે તો વુડામાં ડેપ્યુટેશન ઉપર આવતા અધિકારીશ્રીઓને રહેવાની યોગ્ય સગવળ મળી રહે. વુડા ધ્વારા નગર રચના યોજનાનુ અમલીકરણ શરૂ કરેલ છે. જેમાં હાલમાં વેમાલી ખાતેની નગર રચના યોજના – ૧ માં વુડાને રહેણાંક માટેના ઘણા પ્લોટો ઉપલબ્ધ થયેલ છે. વુડાને ફાળવેલ અંતિમ ખંડ નં ૪૨ માં અધ્યક્ષશ્રી તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી માટેના આવાસ તથા અંતિમ ખંડ નં. ૩૪ માં  અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ માટેના લોરાઈઝ ફ્લેટો બનાવવામાં આવે તો આ સુવિધાઓ વુડાના સ્ટાફને મળી રહે તેમ છે. આ સંજોગોમાં વેમાલી ખાતેના ત્રણ પ્લોટોમાં બે બંગલા અને લો રાઈઝ એપાર્ટમેન્ટ બાંધવા માટેની સૈધાતીક મંજુરી અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૬૫):** વુડામાં સરકારશ્રીના અન્ય વિભાગમાંથી ડેપ્યુટેશન ઉપર આવતા અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ માટે આવાસોની સગવળ ઉભી કરવાનુ નકકી થયેલ જેમાં વેમાલી ખાતે નગર રચના યોજના-૧ માં વુડાને ફાળવેલ રહેણાંક માટેના વેચાણ પાત્ર પ્લોટો પૈકી અંતિમ ખંડ નં. ૪૨ માં અધ્યક્ષશ્રી તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા માટેના બે બંગલા તથા અંતિમ ખંડ નં.૩૪ માં અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓ માટેના લો-રાઈઝ ફ્લેટો બનાવવાનુ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ જેમાં આર્કીટેકટશ્રીની નિમણુંક કરી આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

અંતમાં  હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની  સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

| | |
|---|---|
| સહી/- | સહી/- |
| સભ્ય-સચિવ | અદયક્ષ |
| વ | શહેરી વિકાસ સત્તામંડળ |
| મુખ્ય કારોબારી અધિકારી | વડોદરા. |
| શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | |